Gujarati

કોરોનાવાયરસ (COVID-19)

# COVID-19ની તપાસ

## તપાસ કોણે કરાવવી જોઇએ?

જેમને પણ શરદી કે સળેખમ (ફ્લુ)ના ચિન્હો જણાતાં હોય, એકદમ હળવા ચિન્હો હોય તો પણ, તેમણે જેમ બને તેમ જલદી COVID-19ની તપાસ કરાવવી જોઇએ. COVID-19ના ચિન્હોમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- તાવ ઉ.દા. ઠંડી લાગવી, રાત્રે પરસેવો થવો
- શ્વસનતંત્રના ચિન્હો જેવા કે ખાંસી, ગળામાં દુખાવો/ગળામાં ખરાશ, નાકમાંથી પાણી નીકળવું, શ્વાસ લેવામાં તકલીફ, સ્વાદ અથવા ગંધ ન આવવા
- બીજા ચિન્હોમાં સ્નાયુ અને સાંધાઓમાં કળતર, ઝાડા, ઉલ્ટી/ઉબકા અને ભૂખ ન લાગવીનો સમાવેશ થાય છે.

## જ્યારે તમે તપાસ કરાવો ત્યારે શું અપેક્ષા રાખવી?

- તપાસ નિ:શૂલ્ક, સરળ અને ઝડપી છે.
- જો તમને જે તે તપાસ કેન્દ્રમાં જવા માટે ભલામણ કરવામાં આવી હોય તો, કૃપા કરી ભલામણ પત્ર જોડે લઇને જશો. મોટા ભાગના કેન્દ્રોમાં તેની જરૂર નથી.
- તપાસ અને શ્વસનતંત્રના કેન્દ્રોના કર્મચારીઓએ માસ્ક, ગાઉન, હાથના મોજા અને ચહેરા પર રક્ષણ માટે બીજું આવરણ પહેરેલાં હશે.
- કર્મચારીઓ તમને તમારા ચિન્હો વિષે પૂછશે.
- તપાસના નમૂના, તમારા નાક અને ગળાની અંદરથી લેવામાં આવશે.

## મારી તપાસ થયા પછી શું થશે?

- તમારી તપાસનું પરિણામ આવી જાય અને તમને સારું થઇ જાય ત્યાં સુધી તમારે ઘરે (બીજાઓથી દૂર) જ રહેવું જોઇએ.
- કટોકટી હોય અથવા દાક્તરી સારવાર લેવા જવા સિવાય તમે ઘરની બહાર ન જઇ શકો. તમે કોઇને મળવા પણ ન બોલાવી શકો.
- જો તમારા ચિન્હો ગંભીર થઇ જાય (ઉ.દા. શ્વાસ ન લેવાતો હોય), તો ત્રણ શૂન્ય (000) પર ફોન કરશો. તમારી COVID-19ની તપાસ થઇ છે, તે એમ્બ્યુલન્સના કર્મચારીઓને જણાવશો.
- જો તમારા ઘરમાં તમારી સાથે બીજું કોઇ રહેતું હોય તો, તમારે અલગ ઓરડામાં રહેવું જોઇએ. જ્યારે ઘરના બીજા સભ્યો સાથે એક જ ઓરડામાં હો, ત્યારે સર્જીકલ માસ્ક પહેરો અને અન્ય લોકોથી ૧.૫મીટર દૂર રહો,
- સ્વચ્છતા જાળવો. તમારા હાથ વારંવાર ધુઓ. ખાંસી અને છીંક તમારી કોણીમાં અથવા ટીશ્યુમાં ખાવ.

## જાતે અલગ રહેવા બાબતમાં વધુ માહિતી હું ક્યાંથી મેળવી શકું?

https://www.health.nsw.gov.au/Infectious/covid-19/Pages/resources.aspx

- જો તમે જેને COVID-19નો ચેપ લાગ્યો હોય તેવા વ્યક્તિના નજીકના સંપર્કમાં આવ્યા હો, તો તેમને છેલ્લીવાર મળ્યા ત્યારથી ૧૪ દિવસ સુધી તમારે ઘરે રહેવું જરૂરી છે. (નજીકના સંપર્કમાં આવવામાં - જે વ્યક્તિને COVID-19નો ચેપ લાગ્યો હોય તે વ્યક્તિ બિમાર થઇ, તેના છેલ્લા ૪૮ કલાકમાં તેમની સાથે એક જ ઘરમાં રહેતાં હોવું અથવા ૧૫મિનિટથી વધુ સમય સામસામે પસાર કરવો અથવા બંધીયાર જગ્યામાં તેમની સાથે ૨ કલાક રહેવું - નો સમાવેશ થાય છે).
- ભલે તમને હાલમાં સારું લાગી રહ્યું હોય અને તમારી તપાસનું પરિણામ નકારાત્મક આવ્યું હોય તો પણ, ઘરમાં જ અલગ રહેવું દરેક નજીકના સંપર્કમાં આવેલાઓને લાગુ પડે છે.

## મને મારી તપાસનું પરિણામ કેવી રીતે મળશે?

- સામાન્ય રીતે તમારી તપાસનું પરિણામ ૨૪થી ૪૮ કલાકમાં તમને મળી જશે, પરંતુ કૃપા કરી ૭૨ કલાક સુધી રાહ જોશો.
- જો તમે તમારી તપાસ ઇમરજન્સી ડીપાર્ટમેન્ટમાં અથવા જાહેર દવાખાનાનાં COVID-19 ક્લીનીકમાં કરાવી હોય અને જો તમે પેથોલોજી COVID-19 એસએમએસ રિઝલ્ટ સેવા માટે નોંધણી કરાવી હોય તો, તમારી COVID-19 તપાસનું નકારાત્મક પરિણામ તમને એસએમએસ દ્વારા મળી શકે છે. જો તમે નોંધણી નહિં કરાવો તો તમારા સ્થાનિક આરોગ્ય જિલ્લાના જાહેર આરોગ્ય અધિકારીનો તમને ફોન આવશે.
- જો તમે તમારી તપાસનો નમૂનો તમારા દાક્તરને અથવા બીજી કોઇ જગ્યાએ આપ્યો હશે તો, તમારા દાક્તર તમને તમારું પરિણામ આપશે.

## જો મારી તપાસનું પરિણામ હકારાત્મક આવશે તો શું થશે?

- એનએસડબલ્યુ હેલ્થ તમારી દેખભાળ કરશે. તમારી પાસે મેડીકેર કાર્ડ નહિં હોય તો પણ, તમારી સારવારનો કોઇ ખર્ચ થશે નહિં.

NSW GOVERNMENT